# મૂલ્ય મંડિત વર્ગખંડ અધ્યયન-અધ્યાપન

ડૉ. દિવ્યેશ એમ. પટેલ
વ્યાખ્યાતા,
વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, અમદાવાદ

**સારાંશ**

એક વર્ષની બી.એડ. તાલીમ દરમિયાન તાલીમાર્થી શિક્ષણ અભિમૂખ થાય ન થાય ત્યાં સુધીમાં તાલીમ પૂરી થાય છે. અધૂરા માસે જન્મનાર બાળક જેમ કૂપોષણનો શિકાર બને છે તેવી ઘટનાનો અનુભવ સર્વવિદિત છે. મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, સંચાલન, વ્યવસ્થાપન વગેરે વિષયોના વ્યવહારીકરણના અનુભવ વગર માત્ર શબ્દજ્ઞાન બની રહે છે. વર્ગખંડમાં વિષયવસ્તુની આંટીઘૂંટીમાં ગૂંચવાતો તાલીમાર્થી પ્રાયોગિક પાઠ 'પૂરા' કરે છે. વર્ગખંડમાંની ચાલીસ મિનિટ યાંત્રિક ક્રિયાઓથી એટલી બધી સુનિશ્ચિત બનાવી દેવામાં આવે છે કે તેમાં જે તે પાઠ કે કાવ્યનું હાર્દ બિલકુલ અવગણના પામે છે. પાઠ નિરિક્ષણ દરમિયાન અનુભવાયેલ આ અભાવ એક એવા મનોમંથન તરફ દોરી ગયો કે તેનાં અંતે એક એવું પાઠક્રમ આયોજન વિકાસ પામ્યું કે જે સર્વ સ્વીકૃત યાંતિક વર્તનોની સાથે અંતિમ ધ્યેય અને મૂલ્યને બાળકોમાં ઉજાગર કરે. શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત શિક્ષણ વિભાગ દ્વારા પણ તાજેતરમાં મૂલ્યોનાં શિક્ષણ ભાર મૂકવામાં આવેલ છે. પ્રસ્તુત પેપરમાં મૂલ્ય મંડિત અધ્યયન-અધ્યાપનની ચર્ચા કરવામાં આવેલ છે. મૂલ્ય મંડિત એટલે વિષયવસ્તુમાં સમાયેલ મૂલ્યોને ઓળખીને તેને કેન્દ્રમાં રાખીને આપવામાં આવેલ પાઠ.

## ૧. મૂલ્ય મંડિત વર્ગખંડ અધ્યયન-અધ્યાપનનો વિચાર ઉદભવ

તાલીમાર્થીના પાઠ નિરિક્ષણનું કાર્ય તડકા-છાંયડાનો અનુભવ બની રહે છે. ક્યારેક ખૂબ સુંદર પાઠ તો ક્યારેક ખૂબ નબળો પાઠ જોવામાં આવી જાય તે સ્વભાવિક છે. તાલીમાર્થીઓની વ્યક્તિગત ભિન્નતાની પાઠની ગુણવત્તા પર અસર જોઇ શકાય છે. એક પાઠ 'માઇકલ સાથે મૈત્રી' નો અનુભવ હંમેશા યાદ આવે છે. સમગ્ર પાઠ દરમિયાન પાઠના વિષયવસ્તુમાંથી કેટલાક જ્ઞાનના પ્રશ્નોથી આગળ ચર્ચા જ ન થઇ. મિત્રતાની ઊંડાણપૂર્વક વાત ન થઇ. લેખક પાછા ફરે છે ત્યારે તે શું જુએ છે? તાલીમાર્થી ધ્વારા પૂછાયેલા આ પ્રશ્નનો બાળક ઉત્તર આપે છે – લેખક પાછા ફરે છે ત્યારે માઇકલ મૃત્યુ પામેલ હોય છે? પાઠમાં મૃત્યુની આટલી ગંભીર ઘટના બનેલ હોવા છતાં તે માત્ર જ્ઞાનના એક પ્રશ્નથી તે પાઠમાંનો પ્રસંગ અકાળ મૃત્યું પામે છે. વર્ગખંડમાં ન તો એવું કોઇ ભાવાવરણ પેદા ન થયું કે ન તો તે ઘટનાની ચર્ચા થઇ. માનવીય મૂલ્યો, લાગણીઓ, સંવેદનાઓ, સામાજક ધ્યેયો, માનવીય સંબંધો, રાષ્ટ્રીય મૂલ્યો વગેરેનો સમાવેશ કરતી આવી તો કેટલીય ઘટનાઓ વગર ચર્ચાએ વર્ગખંડમાં અવતરતી નથી. પાઠયપુસ્તકમાંના પાઠ માત્ર યાદ રાખવા માટે નથી. તેમાં અનેક સાહિત્યકારો, તજજ્ઞો, કવિઓ, વિજ્ઞાનીઓએ પોતાના અનુભવોને શબ્દદેહ આપેલ હોય છે. તે મનુષ્યમાં રહેલા માનવતાના ગુણોના ઊર્ધ્વીકરણનું કાર્ય કરે છે. આથી વિષયવસ્તુની પાર જવું અનિવાર્ય બની રહે છે. પાઠમાંનું વિષયવસ્તુ કદાચ એક બે વર્ષમાં સ્મૃતિપટલ પર ઝાંખુ પડે પણ તેમાં સમાવિષ્ટ મૂલ્યો વ્યક્તિત્વનો એક ભાગ બને તો શિક્ષણ સાર્થક બની રહે છે.

## ૨. મૂલ્ય મંડિત વર્ગખંડ અધ્યયન-અધ્યાપન

વિષયાભિમુખથી સ્વાધ્યાય સુધી વિવિધ સોપાનોમાંથી પસાર થતો એક તાસ અનેક પરિમાણો ધરાવે છે. શિક્ષક કથન, પ્રશ્નોત્તરી, ચિત્ર, ચાર્ટ, પ્રવૃત્તિ, પૂરક માહિતી, સંદર્ભો વગેરેથી ભરપૂર પાઠ આયોજનમાં મૂલ્ય અને વિષયવસ્તુની પારના પ્રશ્નોને આવરીને તૈયાર થયેલ અધ્યયન-અધ્યાપન યોજના નીચે દર્શાવેલ છે.




સામાન્ય રીતે વિષયાભિમુખ, હેતુકથન, આદર્શ વાચન, લેખક કે કવિ પરિચય, વિષયવસ્તુના પ્રશ્નો, મૂલ્યાંકન, સ્વાધ્યાય વગેરે જેવા સોપાનો પાઠ આયોજનનો ભાગ હોય છે. પરંતુ પાઠમાં સમાયેલ મૂલ્યોને ઓળખી તેની ચર્ચા કરી પાઠના અંતિમ ધ્યેય તરફ આ યોજના લઇ જાય છે. મૂલ્ય મંડિત અધ્યયન અધ્યાપન એ તાલીમાર્થીઓ દ્વારા એવા પ્રશ્નોનું પૂર્વઆયોજન છે કે જેમાં ઉચ્ચ વિચાર કક્ષાના પ્રશ્નોની સાથે બાળકોના અનુભવોને યાદ કરાવતા અને મૂલ્યોની ચર્ચાને પ્રેરે તેવા પ્રશ્નોનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત અધ્યયન-અધ્યાપન યોજના પરથી જોઇ શકાય છે કે વિષયાભિમુખ, હેતુકથન, લેખક કે કવિ પરિચય સુધીના સોપાનો બાદ મૂલ્ય મંડિત વર્ગખંડ અધ્યાપન યોજના કાર્યરત બને છે. એક નાનકડી પંક્તિ માટે વિષયવસ્તુનાં પ્રશ્નો તો દરેક તાલીમાર્થી શિક્ષક દ્વારા પૂછવામાં આવે છે કે જેને જ્ઞાનનાં પ્રશ્નો કહી શકાય. પરંતુ ત્યારબાદ મૂલ્ય મંડિત વર્ગખંડ અધ્યાપન યોજના હેઠળ મૂલ્યને કેન્દ્રમાં રાખીને જે તાર્કિક ક્રમ અનુસરી શકાય તે આકૃતિમાં આપેલ છે.

## ૨. મૂલ્યમંડિત અધ્યયન-અધ્યાપનનું ઊદાહરણ: (કન્યાવિદાય, ધોરણ - ૯, કવિ- અનિલ જોષી)

"સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઉઘલતી મ્હાલે,
કસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે."

### *૨.૧ વિષયવસ્તુના પ્રશ્નો*

- આ પંક્તિમાં ક્યા પ્રસંગની વાત કરવામાં આવેલ છે?
- સાંજના સમયને દર્શાવવા માટે 'સમી' શબ્દ શા માટે વાપર્યો હશે?
- ઢબુકવું એટલે શું?
- ઢોલ શા માટે ઢબુકે છે?

Vol. 1, Issue:5, August 2013
(IJRSML) ISSN: 2321 - 2853

- ઊઘલવું એટલે શું?
- મ્હાલવું એટલે શું?
- જાન શા માટે મ્હાલે છે?
- આ પંક્તિમાં વર માટે ક્યો શબ્દ વાપર્યો છે?
- 'સાફો' શબ્દનો શો અર્થ થશે?
- આ પંક્તિમાં કન્યા માટે ક્યો શબ્દ વાપર્યો છે?

### ૨.૨ પૂરક પ્રશ્નો

- દિવસનો ક્યો સમય દર્શાવેલ છે?
- સમી સાંજ અને સાંજ વચ્ચે શો ફેર છે?
- સમી સાંજ એટલે આશરે કેટલા વાગ્યા હશે?
- અગાઉના સમયમાં ઢોલ કોણ વગાડતું?
- આજે ઢોલની જગ્યાએ શું જોવા મળે છે?
- વરને ' કેસરિયાળો સાફો' શા માટે કહેવામાં આવ્યો છે?
- કન્યાને ઘરનું ફળિયું શા માટે કહેવામાં આવેલ છે?
- કન્યાને ઘરના ફળિયાને બદલે ઘરનાં ક્યા અન્ય ભાગ સાથે સરખાવી શકાય? શા માટે?
- સામાન્ય રીતે કન્યાવિદાય વેળાએ વર કન્યાને લઇને કેટલી ઝડપ જઇ રહયો હોય છે?
- શા માટે વર કન્યાને લઇને ધીમે ધીમે જ ચાલે છે?

### ૨.૩ ચાર્ટ કે ચિત્ર



- આ ચિત્રમાં તમને શું દેખાય છે?
- આ ચિત્રમા કોણ શું કરી રહ્યું છે?
- આ ચિત્રમા કેટલા વાજીંત્રા વાગી રહયા છે?
- સમી સાંજનો સમય હોવાનું શી રીતે ખબર પડે છે?
- વરના ચહેરા પર કેવા ભાવ જોવા મળે છે?
- આ ચિત્ર કાવ્યમાં આવતી કઇ બાબતોને દર્શાવે છે?

નોંધ: ચાર્ટ કે ચિત્ર ના ઉપયોગ બાદ સંદર્ભ પંક્તિ કે પ્રવૃત્તિ પણ કરાવી શકાય છે. કાવ્યના ભાવને ઉજાગર કરવા માટે ચાર્ટ, ચિત્ર, સંદર્ભ પંક્તિ કે પ્રવૃત્તિ પૈકી કોઇપણ એક કે તેથી વધુ પ્રયુક્તિ વાપરી શકાય.
સ્પષ્ટીકરણ: અહીં જોઇ શકાય છે કે જેમ આ કાવ્યમાં દર્શાવેલ છે તેમ સમી સાંજનો સમય છે અને ઢોલ ઢબુકી રહયા છે. કેસરિયાળો સાફો એટલે કે વર ઘરના ફળિયારૂપી કન્યાને લઇને ચાલી રહયો છે અને સાથે જાન પણ મ્હાલી રહી છે. એક તરફ દુ:ખ અને બીજી તરફ આનંદ જોઇ શકાય છે.

### ૨.૪ મૂલ્યની ચર્ચા

આ પંક્તિના આધારે નીચેના જેવા કેટલાક મૂલ્યોની ચચા કરી શકાય.

– સુખ અને દુ:ખનું સહઅસ્તિત્વ – ત્યાગ

- આ પંક્તિમાં જાન શું કરી રહી છે?
- શા માટે જાન આનંદ પ્રગટ કરી રહી છે?
- વરના મનમાં કેવી લાગણી રહેલી હશે?
- કન્યા અને તેના કુટુંબીજનોના મનમાં કેવી લાગણી રહેલી હશે?
- કન્યાને માત્ર દુ:ખ ની જ લાગણી હશે?
- શા માટે કન્યાના મનમાં સુખ અને દુ:ખ એમ બંને લગણી હશે?
- જીવનમાં હંમેશા સુખ અને દુ:ખ કઇ રીતે આવે છે?
- સુખ અને દુ:ખની સ્થિતિમાં આપણે શું કરવું જોઇએ?
- તમારા જીવનમાં સુખ અને દુ:ખની લાગણીનો અનુભવ થયો હોય તેવો પ્રસંગ વર્ણવો.
- કન્યા અહી શું છોડીને જઇ રહી છે?
- ઘરની ચીઝ વસ્તુઓ કે કુટુંબીજનો પૈકી કોને છૂટયાનું દુ:ખ કન્યાને વધારે હશે?
- તો જીવનમાં કોને મહત્ત્વ આપવું જોઇએ?

### ૨.૫ સમગ્રલક્ષી સ્પષ્ટીકરણ

વિદ્યાર્થીમિત્રો, અહીં સુખ અને દુ:ખ એમ બંને પરિસ્થિતિ સાથે જોવા મળે છે. એક તરફ વર અને જાન કન્યાને વહુ તરીકે લઇ જવાનો આનંદ વ્યક્ત કરે છે ત્યારે બીજી તરફ કન્યા અને તેના કુટુંબીજનોને છૂટા પડવાનું દુ:ખ છે. જ્યારે કન્યાને પોતાના જીવનસાથી સાથે નવો સંસાર શરૂ કરવાનો આનંદ પણ મનના કોઇ ખૂણે અંકુર પામી રહયા છે. આપણાં જીવનમાં પણ ક્યારેક સુખ અને દુ:ખ એમ બંને પ્રસંગો આવી શકે. આપણે પણ ક્યારેક આપણા માતા-પિતા, ભાઇ-બહેનથી છૂટા પડીએ છીએ. આ પંક્તિમાં કન્યા વિદાયના પ્રસંગની ખૂબ સૂચક શરૂઆત કવિ ધ્વારા કાવ્યની શરૂઆતમાં જ કરવામાં આવી છે. દિકરીની વિદાય બાદ ઘર ફળિયા વગરનું બની જશે. ફળિયું તો હશે પણ તેમાં કલરવ કરનાર દિકરી નહિ હોય. માતા-પિતાના જીવનમાં એક કાયમી શૂન્યાવકાશ નિર્માણ પામે છે.

### ૩.સમાપન

શિક્ષણ પાઠયપુસ્તકના વિષયવસ્તુથી બંધાયેલ ન હોય તે ઇચ્છનીય છે. વિષયવસ્તુમાં અમાપ શક્યતાઓ રહેલ છે. તેની ચર્ચા માત્ર પાઠ કે કાવ્યના અંતે સ્વાધ્યાયમાં આપેલ પ્રશ્નો પૂરતી મર્યાદિત ન હોવી જોઇએ.શિક્ષક તરીકે તે વિષયવસ્તુનો સાધન તરીકે ઉપયોગ કરી વિવિધ કૌશલો, સામાજિકતા, મૂલ્યોની ખેતી કરી શકાય છે. વિષયવસ્તુ આધારિત સીધા જ્ઞાનના પ્રશ્નોરુપી ઘાસને બદલે ઉચ્ચ ચિંતન ધરાવતા પ્રશ્નોરુપી પાક પર મહેનત કરે તો ખેતી કરી કહેવાય. પાક માટે ખાતર-પાણી પૂરૂ પાડીશ તો પાકની સાથે ઘાસ તો આપોઆપ ઊગવાનું જ છે.

### સંદર્ભગ્રંથો


1. Coppe, C., Sigel, E. & Saunders, R. (1979). Educating the young thinker: classroom strategies for cognitive growth. New York: D. Van. Nostrand.
2. Piaget, J. (1973). To understand is to infant: the future of Education. New York: Grossman.
3. દોંગા, નનુભાઇ (2012). અધ્યયન, અધ્યાપન અને વિકાસનું મનોવિજ્ઞાન. અમદાવાદ: નીરવ પ્રકાશન.
4. પરીખ, જે. સી. અને પંડયા, કુલીન (1971). મનોવિજ્ઞાનની વિચારધારાઓ,(પમી આવૃત્તિ). અમદાવાદ: યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ